
ૐ

ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ માટે જાગૃત બનો.

।। શ્રી ગણેશાય નમઃ ।।



સંવત ૨૦૪૪ ના વૈશાખ સુદ–૮ (આઠમ) ને રવિવાર ના રોજ ૧૩૫, પાટણવાડા સમસ્ત વણકર પંચે સરાય–પાટણ મુકામે મળીને તારીખ ૨૪–૪–૧૯૮૮ના રોજ સર્વાનુમતે કરેલા ઠરાવો.

# બંધારણ

–* પંચ મળવાનું સ્થળ *–

સરાય, પાટણ. (ઉ. ગુ.)

તા. ૨૪-૪-૧૯૮૮

૧૩૫, પાટણવાડા સમસ્ત વણકર પંચના થયેલા ઠરાવો

પરગણાનું સ્થળ : પાટણ. સરાય તા. ૨૪-૪-૮૮

# બંધારણ

## —: સગાઈની વિગત :—

૧ સગાઇ :-
સગપણ કરતી વખતે કન્યાનો બાપ વરના બાપને એક રૂપિયો આપશે.

૨ સગાઈ મેળવણીઓને બંન્ને પક્ષ તરફથી પાંચ પાંચ રૂપિયા આપવામાં આવશે.

૩ વેવાઇ વટ કરવા પાંચ આદમી જઇ શકશે. વર પક્ષના માણસો વેવાઇ વટ કરવા જાય ત્યારે તેમને કન્યા પક્ષ તરફથી દરેકને પાંચ પાંચ રૂપિયા આપવાના રહેશે.

૪ લગ્ન લેવા જવાની જાણ પત્રથી કરવી, લગ્ન વધાવવા માટે બે આદમી જશે. લગનમાં કન્યા પક્ષ તરફથી એક રૂપિયો આપવામાં આવશે. લગ્ન એક રાતવાસો રહેશે. લગનમાં ઓઢાંમણાંની છૂટ છે. એટલે કે સાળો વગેરે હોય તો ધોતિયું ઓઢાડી શકાશે.

૫ સગાઈ તોડવાની જાણ પત્રથી સગાઈ કરાવનારને કરવી અને સગાઈ કરાવનારે ઘરધણીને પત્રથી જાણ કરવી.

૬ સગાઇ તોડનારનો રૂપિયા પચીસ દંડ લેવામાં આવશે.

## ❋ જાનની વિગત ❋

૧ જાનની વારતિથિ બંન્ને પક્ષે મળીને નક્કી કરવી.

૨ જાનમાં વર અને વાજીંત્રો સહીત **૫૧** એકાવન માણસો લઇ જઈ શકાશે.

૩ વાજીંત્રોમાં ઢોલ શરણાઇ લઇ જવાના છે. અગવડના પ્રસંગે વાજીંત્રો ન લઈ જનારનો ગુનો ગણાશે નહીં.

૪ જાન સવારે જશે અને સાંજે પરત આવશે.

૫ વરઘડ બંધ કરવામાં આવે છે.

૬ જાનને સીધી ઉતારે લઈ જવી; વરને માંપાના તોરણે પૂંખીને જાની વાસે લઈ જવા.

૭ એક માંડવે બે જાનો હોય તો વરને સાથે પૂંખવા પણ જાન જેમ આવે તેમ ઉતારે લઈ જવી.

૮ વોળાવ બંધ છે.

૯ જાનને જમણમાં ચોખ્ખા ઘીનો શીરો અને દાળ-ભાત આપવાં.

૧૦ વર માંડવાના તોરણે પૂંખવો નહીં અને પીઠી ચોળવી નહીં.

૧૧ પરણેતર પછી કન્યાને જાની વાસે લઈ જવી નહીં.

૧૨ ફક્ત કન્યા માટે જ માંડિયો લાવવો.

૧૩ વર માટે ખૂંપ કે કલગી બંધ છે પણ ફૂલહાર પહેરાવવો.

૧૪ દિવો બાજવટ આપવો-દિવો બાજવટ આપતી વખતે કંઈ જ આપવાનું નથી.

૧૫ અણવર બંધ છે.

૧૬ લગ્નનું આણું સાત દિવસ રહેશે.

૧૭ લગ્ન પછી કન્યા પક્ષ તરફથી કન્યાને માથે હાથ ફેરવવા જવાનું નથી; પણ માંદગી કે એવા ખાસ પ્રસંગે એકાદ માણસ જઈ શકશે.

૧૮ લગ્નનું આણું મૂકવા એક માણસે જવુ તેને કન્યા પક્ષ તરફથી પાંચ રૂપિયા આપવા.

૧૯ ઉજણા વખતે કન્યાને આંટી પહેરાવવી નહીં. ફૂલ વેરી શકાશે.

## — ભાણાની વિગત —

૧ ભાણા વખતે દાપાના રૂપિયા ૭૩૫-૦૦ અંકે રૂપિયા સાતસો પાંત્રીસ રૂપિયા પુરા ભાણે ભરવા.

૨ ભાણા વખતે લગ્ન વિધિના રૂપિયા ૧૫ પંદર બ્રાહ્મણને આપવા.

૩ વીરમાયાના બંન્ને પક્ષ તરફથી પાંચ પાંચ રૂપિયા આપવા.

૪ જાન પાટણમાં જાય તો પદ્મનાભની જગ્યાના રૂપિયા પાંચ વરપક્ષ તરફથી આપવા.

૫ કેળવણી ફંડના બંન્ને પક્ષે પાંચ પાંચ રૂપિયા આપવા.

૬ જે ગામમાં તૂરી હોય તે ગામમાં જાન તરફથી બે રૂપિયા ભાણા વખતે આપવા.

૭ જે ગામમાં મંદિર હોય તે ગામમાં જાન તરફથી પાંચ રૂપિયા આપવા.

૮ ભાણા વખતે વરને ચાંલ્લો કરવો.

૯ પંચમહાપુ આપવાનું નથી.

૧૦ બીજુ કાંઈપણ આપવાનું નથી. પ્રભાતી અને ટીપણાં બંધ છે.

## ❖ વળતરની વિગત ❖

૧ વળતરમાં કન્યાના બાપ તરફથી કન્યા માટે કાનની બુટ્ટી કે કડિયો નાકની નથણી કે રવો સોનાનો ( બધુ મળી ચાર આની ભાર ) તેમજ પગની જીવનદોરી ૧૦૦ ગ્રામ ચાંદીની લેવી.

૨ દાગીનાનો હક્ક વર પક્ષનો રહેશે.

## —० પ્રથમ આણાંની વિગત ०—

૧ પ્રથમ આણું તેડવા જવા માટે પંદર દિવસ અગાઉ વર પક્ષ તરફથી કન્યા પક્ષને પત્રથી જાણ કરવી.

૨ આણું તેડવા એક આદમીએ જવું. તેમણે કન્યા પક્ષને રૂપિયા ૩૦૧) અંકે રૂપિયા ત્રણસો એક આપવા. આણું તેડવા જનારને રૂપિયા પાંચ આપવા.

૩ આણું તેડવા જનાર એક રાત રહેશે.

૪ પ્રથમ આણું નવ દિવસ રહેશે.

૫ વળતુ આણું તેડવા જનારને પોષાતું હોય તો ઓઢામણું આપવું.

૬ પ્રથમ આણાંમાં કન્યાના બાપે કન્યાને બે જોડ કપડાં આપવા.

## ❋ સાજનાની વિગત ❋

૧ સાજનાનું સગપણ કરવા બે આદમીએ જવું.

૨ સગપણનો એક રૂપિયો વર પક્ષ તરફથી આપવો.

૩ સગપણ કરવા જનાર એક રાત રહેશે.

૪ સગપણ કરવા જનારને કન્યા પક્ષ તરફથી બંન્ને જણને પાંચ પાંચ રૂપિયા આપવા.

૫ સાજનાની કન્યા તેડવા મૂરતિયા સાથે પાંચ માણસોએ જવું.

૬ મૂરતિયાને ઓઢામણું તથા બીજા ચારને પાંચ પાંચ રૂપિયા આપવા.

૭ સાજનાના દાપાના રૂપિયા ૫૩૫) અંકે રૂપિયા પાંચસો પાંત્રીસ પુરા ભાણે ભરવા.

૮ સાજનામાં પલ્લુ થાળમાં મૂકીને આપવું.

૯ પલ્લા વખતે પલ્લા ઉપર ૧૧ રૂપિયા ઐરાં માટે આપવા.

૧૦ પલ્લામાં વર પક્ષ તરફથી જે કાંઇ દાગીના કે કપડાં લાવે તે સ્વીકારી લેવાં.

૧૧ જમણમાં ગમે તે આપવાની છૂટ છે.

૧૨ સાજનું તેડવા જનાર એક રાત રહેશે.

૧૩ સાજનાના ભાણા વખતે બ્રાહ્મણને રૂપિયા પાંચ આપવા.

૧૪ કેળવણી ફંડના બંન્ને પક્ષે પાંચ પાંચ રૂપિયા આપવા.

૧૫ જે ગામમાં તૂરી રહેતા હોય તેમને બે રૂપિયા આપવા.

૧૬ પંચમહાપુ આપવાનું નથી.

૧૭ જે ગામમાં મંદિર હોય ત્યાં પાંચ રૂપિયા આપવા.

૧૮ સાજનાનું આણું સીધુ જ મોકલી દેવું.

૧૯ કન્યાના બાપે કન્યાને એક જોડ કપડાં આપવા.

૨૦ વળતુ આણું પંદર દિવસે તેડવા જવું.

૨૧ તેડવા જનારને પોષાતુ હોય તો ઓઢામણું આપવું.

૨૨ તેડવા જનારે એક રાત રહેવું

## ❋ માંમેરુ કે મામા મોળિયાની વિગત ❋

૧ મામેરુ કે મામા મોળિયામાં સહકુટુંબ જઇ શકશે.

૨ યથાશક્તિ પ્રમાણે કપડાં અને દાગીના લઇ શકાશે.

૩ વરવાઘામાં પેન્ટ, આખી બાયનું શર્ટ કે સફારી અને ટોપી પહેરવાની રહેશે, વરવાઘો વરના બાપે ખરીદવો.

૪ પંચમહાપુ આપવાનું નથી.

૫ મામેરા કે મામા મોળિયાએ ઘરધણી સિવાય બીજે કયાંય રહેવાનુ નથી.

૬ મામા મોળિયામાં મોસાળ પક્ષ તરફથી દાપુ આપવાના પ્રસંગે જાન જે ગામમાં જતી હોય તે ગામના પરગણાના રીવાજ પ્રમાણે દાપુ આપવું.

૭ નારી ની છૂટ છે.

૮ ઓઢમણું આપવાની છૂટ છે.

૯ મામેરા કે મામા મોળિયાએ વેવાઇના પાંચ રૂપિયા આપવા.

૧૦ વરવાધા પેટે રૂપિયા ૫૧, અંકે રૂપિયા એકાવન પૂરા મોસાળ પક્ષ તરફથી આપવા.

## — છૂટાછેડાની વિગત —

૧ મૂરતિયો કન્યા ન ગમાડે તો કોરા કાગળે છૂટાછેડા કરવા અને લગ્ન વખતે બળતરમાં આપેલા દાગીના કન્યા પક્ષને પરત આપવા.

૨ કન્યા મુરતિયાને ન ગમાડે તો રૂપિયા સાતસો પાંત્રીસ આપી છૂટાછેડા કરવા. દાગીના પણ વર પક્ષને આપી દેવા.

૩ છૂટાછેડા સમાજ મારફત લેવા કોર્ટનો આશરો લેવો નહીં.

૪ સમાજમાં એક વખત જાહેરાત કર્યા પછી નિકાલ ન થાય તો ખાસ સંજોગોમાં કોર્ટમાં જઈ શકાશે.

૫ વિધૂર કે છૂટાછેડા લીધેલા મુરતિયાએ પુનઃ લગ્ન જ કરવા, કુંવારી કન્યા સાથે લગ્ન કરી શકાશે નહીં.

૬ છૂટાછેડા લીધેલા કે વિધૂર મૂરતિયો કુંવારી કન્યા સાથે લગ્ન કરશે તો રૂા. ૫૦૧-૦૦ બંન્ને પક્ષનો દંડ લેવો, પર - પરગણામાં લગ્ન કરશે તો વર પક્ષનો રૂા ૧૦૦૨-૦૦ દંડ લેવામાં આવશે.

૭ છૂટાછેડા લીધા વગર પુનઃ લગ્ન કરનાર નાતનો ગુન્હેગાર ગણાશે.

૮ બીજા પરગણામાં છૂટાછેડા લેવાના પ્રસંગે બાંજગડિયા મારફત નિકાલ કરવાની છૂટ છે.

## સામાન્ય વિગત

૧ મુરતિયાને પ્રથમવાર આંગણે બેસાડતી વખતે ઓઢામણું અને રૂપિયા પાંચ આપવા.

૨ બાળ લગ્ન કરવા નહીં.

૩ લગ્ન કરતી વખતે કન્યાની ઉંમર ૧૮ વર્ષ પુરી અને મુરતિયાની ઉંમર ૨૧ વર્ષ પુરી થયા પછી જ લગ્ન કરવા.

૪ કન્યાદાન (કંકુ કન્યા) આપવાની છૂટ છે.

૫ પ્રેત ભોજન સદંતર બંધ છે.

૬ મરણ વખતે લોકાચારના ગમે તે બે દિવસ નક્કી કરવા.

૭ મરણ વખતે સગા સાચવવા બંધ છે તેમજ બાર દિવસે બાળકો કે કુટુંબ જમાડવાનું બંધ છે.

૮ મરણ પ્રસંગે લોકાચારે આવનારને સાદુ ભોજન એટલે કે શાક, રોટલા કે દાળ રોટલા ખવડાવવા ઘી પીરસવું નહીં.

૯ પોત અને લોકાચારની રકમ આપવાનું બંધ છે.

૧૦ જમાઇ કે દીકરીના મરણ પ્રસંગે ખાંપણની રકમ આપવાની છૂટ છે.

૧૧ જાન, સાજનું અને છૂટાછેડાના ગુન્હા અંગે રૂપિયા એકાવન દંડ લેવામાં આવશે.

૧૨ સિધ્ધપુરના મેળામાં પરગણા અંગેના કામકાજ અંગે મળવાનું બંધ કરવામાં આવે છે

૧૩ પરગણાના કામકાજ અંગે દર વર્ષે પાટણમાં માયા સાતમે (મહા સુદ સાતમ) મળવું.

૧૪ દર વર્ષે થયેલા ગુન્હા ઉઘરાવવાનું નકકી કરવામાં આવે છે.

૧૫ બંધારણને અનુસરીને સમૂહ લગ્નો ગોઠવી શકાશે.

૧૬ ગુન્હાની જાણ પત્રથી પરગણાને જે તે ગામે કરવી, જાણ નહીં કરનાર ગામ ગુનેગાર ગણાશે.

૧૭ બાવન પરગણાનું બંધારણ કામલી ગામે થયેલું છે તેને માન્યતા આપવામાં આવે છે.

૧૮ કન્યા ત્યાંના દહેજ પ્રમાણે બીજા તમામ પરગણા સાથે લેવડ-દેવડની છૂટ કરવામાં આવે છે


૧૯ બંધારણનો અમલ તારીખ : ૨૯-૪-૧૯૮૮ થી કરવાનો છે.

૨૦ આ બંધારણનો અમલ ચુસ્તપણે કરવાનો છે.

૨૧ બંધારણનો ભંગ કરનાર કે કરાવનાર નાતના ગુનેગાર ગણાશે.

સ્થળ : સરાય-પાટણ. ઠરાવ કરનાર,

તા. : ૨૯-૪-૮૮ ૧૩૫, પાટણવાડા સમસ્ત વણકર પંચ




વીર માહ્યાનો જય હો.

—✱ હિના પ્રિન્ટર્સ-પાટણ. ✱—